એક કલાકારની સમર્પણ ગાથા

વિશ્વ વિખ્યાત લેખક ઓ. હેનરીની આ નાનકડી હૃદયસ્પર્શી વાર્તામાં એક બૈરમ નામના ઘરડા સંવેદનશીલ કલાકારની ઉત્તમ કલાકૃતિ મૃત્યના બિછાને પડેલી એક યુવાન કન્યાના જીવનમાં કેવી રીતે નવો પ્રાણસંચાર પેદા કરે છે તેની અસરકારક રજૂઆત થઈ છે.

નકારાત્મક વિચારો આપણા મનનો કબજો લઈ લે છે ત્યારે તે આપણું ચેતન હરી લે છે. પરંતુ આવે વખતે ક્યાંકથી આવતું પ્રકાશનું એકાદ કિરણ - એકાદ સુવિચાર - પણ આપણામાં નવો ઉત્સાહ જગાડી શકે છે.

ખરેખર તો પોતાના પ્રાણનો ભોગ આપીને પણ બીજાની જીંદગી બચાવનાર એક કલાકારની આ એક સમર્પણ ગાથા છે.

કલાની સાર્થકતાનું સાકાર સ્વરૂપ એટલે જાણે કે બૈરમનું 'છેલ્લું પાન.'

- રાજુ-દીપ્તિ

છેલ્લું પાન

ઓ. હેનરી

રજૂઆત : અરવિંદ ગુપ્તા ○ અનુવાદ દીપ્તિ-રાજુ

શિશુ મિલાપ, વડોદરા

આ ચોપડીનું હિન્દીમાં પ્રકાશન ભારત જ્ઞાન વિજ્ઞાન સમિતિ દ્વારા 'રાષ્ટ્રીય સાક્ષરતા મિશન'ના સહયોગથી થયેલું. જન વાચન આંદોલન હેઠળ પ્રકાશિત આ ચોપડીઓનો હેતુ ગામડાંના લોકો અને બાળકોમાં વાંચવા - લખવામાં રસ પેદા કરવાનો છે.

છેલ્લું પાન : ઓ. હેનરી

Chhellu Pan : O. Henri

રજૂઆત : અરવિંદ ગુપ્તા

અનુવાદ : દીપ્તિ- રાજુ

© સર્વાધિકાર સુરક્ષિત,

ભારત જ્ઞાન વિજ્ઞાન સમિતિ

પુસ્તકમાળાના સંપાદક : અરવિન્દ ગુપ્તા

કાર્યકારી સંપાદક : સંજય કુમાર

રેખાંકન : કૈરન હેડાક

લેસર ગ્રાફિક્સ : અક્ષરનિર્માણ,

બી-૫, રંભા કોમ્પ્લેક્ષ,

ગુજરાત વિદ્યાપીઠ સામે, અમદાવાદ - ૧૪

મુદ્રક : હિંગળાજ પ્રિન્ટર્સ, અમદાવાદ.

પ્રકાશન વર્ષ : માર્ચ, ૧૯૯૯

કિંમત : ૫.૦૦ રૂપિયા

પ્રકાશક :

શિશુમિલાપ,

૧, શ્રી હરી એપાર્ટમેન્ટ,

એક્સપ્રેસ હોટલ પાછળ, અલકાપુરી,

વડોદરા - ૩૯૦૦૦૭

ફોન : ૦૨૬૫ - ૩૪૨૫૩૯

છેલ્લું પાન



ઓ. હેનરી

રજૂઆત : અરવિંદ ગુપ્તા ○ અનુવાદ : દીપ્તિ- રાજુ



છેલ્લું પાન

વોશિંગ્ટન ચોકની શેરીઓ ગાંડાની જેમ આડી અવળી દોડતી હોય તેવી રીતે નાના નાના ટુકડામાં વહેંચાયેલી છે. કેટલીક શેરીઓ ત્રિકોણ આકારની અને કેટલીક અજબ-ગજબના આકારો બનતા હોય તેવી છે. ક્યારેક કોઈ ચિત્રકાર અહીં આવ્યો હશે. તેને આ જગ્યા સસ્તી અને સારી લાગી હશે, માટે તેણે અહીંયાં પોતાનો મુકામ જમાવી દીધો.

ધીરે ધીરે ત્યાં કેટલાયે નાના મોટા ચિત્રકાર આવીને વસ્યા. થોડાક વર્ષોમાં આ વિસ્તાર કલાકારો (ચિત્રકાર)ની એક વસ્તી બની ગયો. અહીંયાં ત્રણ માળવાળા એક ઈંટના મકાનના ત્રીજે માળે સૂ અને જૌન્સીનો સ્ટુડિયો હતો. જૌન્સીનું અસલી નામ જોઆના હતું, પરંતુ બધા લોકો તેને જૌન્સી કહીને બોલાવતા હતા. એક અંમેરિકન શહેર મેનની રહેવાસી હતી અને બીજી કેલિફોર્નિયાની હતી. બંને પહેલી વખત એક રેસ્ટોરન્ટમાં જમવાના ટેબલ ઉપર મળી હતી. વાત કરતાં તેમને લાગ્યું કે તેમની કલાત્મક રુચિ એક બીજાની સાથે ઘણી મળતી છે, માટે જ બંનેએ મળીને એક સ્ટુડિયો ખોલ્યો હતો.

આ વાત મે મહિનાની છે. નવેમ્બરની ઠંડી આવતાં જ એક અજબની માંદગી - જેને ડૉક્ટર નિમોનિયા કહે છે, તેણે ત્યાં વસતા લોકોને પોતાના ઠંડા હાથથી દબાવી દીધા. વસ્તીના પૂર્વ વિસ્તારમાં કેર વર્તાવ્યા પછી બિમારી દબાયેલા પગે વસ્તીની સાંકડી અને ભૂલભૂલામણીવાળી ગલીઓમાં પ્રવેશી.

નાની ઉંમરની જૌન્સી- જેનું લોહી કેલિફોર્નિયાની પશ્ચિમી હવાથી પહેલેથી જ પાતળું થઈ ગયું હતું તે - આ ભયંકર માંદગીનો શિકાર થઈ ગઈ. જૌન્સી હાલ્યા ચાલ્યા વિના આખો દિવસ પોતાના પલંગ ઉપર પડી રહેતી અને બારીના કાચમાંથી સામેના ઈંટવાળા મકાનને જોયા કરતી.

એક દિવસ ડૉક્ટરે આવીને જૌન્સીને તપાસી અને પછી દરવાજા પાસે જઈને ધીરેથી સૂ ને કહ્યું ...

'દસમાંથી કેવળ એક ચાન્સ બચવા માટે છે.' તેમણે થર્મોમિટરનો પારો ખંખેરતાં કહ્યું, 'તે પણ ત્યારે જ કે જ્યારે એને જીવતા રહેવાની ઈચ્છા જાગે. આ ભયાનક બિમારી સામે અમારી બધી દવાઓ નકામી છે. એટલા લોકો મરે છે કે તેમને દાટવા માટે કફન ઓછાં પડે છે. તમારી મિત્રે તો જાણે ઠીક ન થવાના સમ ન ખાધા હોય ? તેને કોઈ નિરાશા સતાવે છે ?'

"તે એક દિવસ નેપલ્સમાં સમુદ્રની ખાડીનું ચિત્ર દોરવાની ઈચ્છા રાખે છે." સૂએ કહ્યું.

'આ સમયે ચિત્રકામની વાત છોડો અને એ કહો કે શું તે કોઈ ના પ્રેમમાં તો દુઃખી નથી ને ?'

"ના ડૉક્ટર એવું કશું જ નથી." સૂ એ ડૉક્ટરને કહ્યું .

"ત્યારે તો બસ એના શરીરની નબળાઈ જ છે." ડૉક્ટરે કહ્યું, "મારું જે કંઈ દાકતરી જ્ઞાન છે તેનાથી હું મારા તરફથી તો પૂરેપૂરો પ્રયત્ન કરીશ. પરંતુ દર્દી જ્યારે પોતાની સ્મશાનયાત્રાની રાહ જોવા માંડે ત્યારે હું મારી દવાની અસરકારક શક્તિને ૫૦ % ઘટાડી દઉં છું. જો તમે તેને કોઈ પણ બહાને જીવતા રહેવાની પ્રેરણા આપી શકો તો તેના બચવાની સંભાવના દસને બદલે પાંચમાંથી એક જ થઈ જશે."

ડૉક્ટરના ગયા પછી સૂ પોતાના રૂમમાં જઈને ફ્રૂસકે ફ્રૂસકે રડી. તેનો જાપાની રૂમાલ આંસુથી ભીંજાઈ ગયો. પછી તે ડ્રોઈંગ બોર્ડ લઈને એક ગીતની ધૂન ઉપર સીટી વગાડતી વગાડતી જૌન્સીના રૂમમાં ગઈ. જૌન્સીનું મોઢું બારી બાજુ હતું. અને તે ચૂપચાપ પલંગ પર પડી હતી. ચાદરની એક પણ ગડી હાલતી ન હતી. જૌન્સી ઉંઘે છે એવું વિચારીને સૂ એ સીટી વગાડવાનું બંધ કરી દીધું.

થોડી વારમાં સૂ પોતાના ચિત્રમાં એકાગ્ર થઈ ગઈ. તે બે ઘોડા બનાવતી હતી, જેમાં એક ઉપર રેડ ઈન્ડિયન સવાર હતો.ત્યાં એને એક ઝીણો અવાજ સંભળાયો. અવાજ જ્યારે બીજી વાર આવ્યો ત્યારે તે ઝટ પોતાનું કામ છોડીને જૌન્સીના પલંગ પાસે ગઈ.

જૌન્સી ચૂપચાપ પડી હતી. તેની આંખો આખી ખુલ્લાહતી. તે બારીની બહાર એકીટશે જોઈ રહી હતી અને ઉંધા આંક ગણતી હતી.

'બાર' તેણે કહ્યું અને થોડીવાર પછી 'અગિયાર' પછી 'દસ' 'નવ', 'આઠ', 'સાત' એટલું તો એ એક જ શ્વાસે બોલી ગઈ. સૂ પણ ધ્યાનથી બારી બહાર જોવા લાગી. જૌન્સી શું ગણતી હતી ? બહાર એક નાનકડું મેદાન હતું અને તેનાથી વીસ ફૂટ દૂર બીજા ઘરની ઈંટની દિવાલ હતી. એક ગાંઠ વાળી વેલ જેના મૂળ સડી ગયાં હતાં, દિવાલ ઉપર અર્ધે સુધી ચોંટી રહી હતી. પાનખરની ઠંડી હવાથી વેલનાં લગભગ બધાં પાંદડાં ખરી ગયાં હતાં. હવે વેલની ડાળીઓનું હાડપિંજર હતું જે દીવાલની ઘસી જાય તેવી ઈંટો સાથે ચોંટી રહ્યું હતું.

"શું વાત છે જૌન્સી" ? સૂ એ પૂછ્યું.

"છ" જૌન્સીએ અટકતા કહ્યું " હવે તે ઝડપથી પડી રહ્યાં છે. ત્રણ દિવસ પહેલાં લગભગ સો પાંદડાં હતાં. તેને ગણતાં ગણતાં મારું માથું ચકરાવા લાગ્યું. પરંતુ હવે ગણવું સહેલું છે. લો, એક બીજું ખરી પડ્યું. હવે કેવળ પાંચ પાંદડાં બચ્યાં છે.

"પાંચ શું ? કંઈક તો બતાવ જૌન્સી?"

'પાંદડા. પેલી જુની વેલ ઉપર, જ્યારે છેવટનું પાંદડું ખરી જશે ત્યારે હું પણ ચાલી જઈશ. મને છેલ્લા ત્રણ દિવસથી આવો આભાસ થાય છે. શું તને ડૉક્ટરે નથી કહ્યું !'

"મેં આવી જાતનો બકવાસ પહેલાં ક્યારેય સાંભળ્યો નથી." સૂ એ વિશ્વાસપૂર્વક કહ્યું, "આ ઘરડાં પાન અને તારી

તબિયત સારી થવાની સાથે શું લેવા - દેવા ? મને યાદ છે કે તને એ વેલ બહુ વહાલી છે. પરંતુ આવી ગાંડી ન બન. સવારે ડૉક્ટરે મને કહ્યું કે તમારા સાજા થવાની સંભાવના દસમાંથી એક છે.

આ એક સારી સંભાવના છે. થોડી ધીરજ રાખ. લે, આ સૂપ પી. હું મારું ચિત્ર પૂરું કરું છું. જેથી તેને વેચીને તારા માટે થોડું સારું ખાવાનું અને મીઠું પીણું લાવી શકું.''

'હવે તમે બીજું શરબત ન લાવશો.' જૌન્સીએ બારી બહાર જોતાં કહ્યું.

'લો એક બીજું પાંદડું ખરી ગયું. હવે કેવલ ચાર પાંદડાં બાકી બચ્યાં છે. હું અંધારું થતાં પહેલાં છેવટના પાનને પણ ખરતાં જોવા ઈચ્છું છું. પછી હું પણ જતી રહીશ.'

''મારી વહાલી જૌન્સી !'' સૂ એ વાંકા વળીને કહ્યું. ''તું મને વચન આપ કે તું આંખો બંધ રાખીશ અને જ્યાં સુધી હું કામ કરું છું ત્યાં સુધી બારી બહાર નહીં જુવે. મારે આ ચિત્ર કાલ સુધીમાં પુરું કરવું છે. ચિત્ર બનાવવા માટે અજવાળું જોઈએ નહીં તો હું બારીનો પડદો બંધ કરી દેત.'' 'શું તું બીજા રૂમમાં જઈને ચિત્ર નથી દોરી શકતી ?' જૌન્સીએ ચિડાઈને પૂછ્યું.

''આ સમયે મારું તારી સાથે રહેવું જ ઠીક છે.'' સૂએ કહ્યું ''બીજું હું નથી ઈચ્છતી કે તું એ પાંદડાને તાક્યા કરે.''

''તારું કામ જેવું ખલાસ થાય કે તરત મને જણાવી દેજે'' જૌન્સીએ આંખો બંધ કરતાં કહ્યું. એનો ચહેરો એકદમ સફેદ હતો. અને તે એક નિશ્ચલ મૂર્તિની જેમ શાંત પડી હતી. તે બોલી, 'હું છેલ્લા પાંદડાને ખરતું જોવા ઈચ્છું છું. હું રાહ જોતાં જોતાં થાકી ગઈ છું. હું હવે આ દુનિયાની દરેક વસ્તુ સાથે મારી પક્કડ અને જોડાણ ઢીલાં કરવા ઈચ્છું છું. પછી મુક્ત થઈને સૂકાં પાંદડાંની જેમ ધીરે ધીરે નીચે પડવા ઈચ્છું છું.'

"થોડી ઉંઘવાની મહેનત કર જૌન્સી," સૂએ કહ્યું, "હું જરા બૈરમ ને બોલાવું. હું એક ખોદનાર મજૂરનું ચિત્ર બનાવું છું અને ઈચ્છું છું કે બૈરમ થોડી વાર મોડલની જેમ સ્થિર ઉભો રહે. હું બસ દસ મિનિટમાં આવું છું. ત્યાં સુધી તું બિલકુલ હાલીશ નહિ."

ઘરડો બૈરમ પણ એક ચિત્રકાર હતો. તે એ જ મકાનના ભોંયતળિયે રહેતો હતો. તે લગભગ ૬૦ વર્ષનો હશે. તેની દાઢી લાંબી હતી. બૈરમ એક હારેલો અને નાકામયાબ ચિત્રકાર હતો.

ચાલીશ વર્ષ બ્રશ ચલાવ્યા પછી તેને કોઈ કામયાબી મળી નહીં. એના દિલમાં હંમેશાં અદ્‌ભૂત ચિત્ર બનાવવાની તમન્ના હતી, પરંતુ તે તેને ક્યારેય શરૂ કરી શક્યો નહીં. કેટલાયે વર્ષોથી એણે કોઈ સારી કલાકૃતિ બનાવી ન હતી. રોજી રોટી માટે ક્યારેક સાઈનબોર્ડ અને સાદાં પાટિયાં દોરતો. ત્યાં રહેતા યુવા કલાકારો માટે મોડલનું કામ કરીને થોડા પૈસા કમાઈ લેતો. સાંજે તે ખૂબ દારૂ પીતો અને પછી પોતાને ભવિષ્યમાં તૈયાર કરવાની અદ્‌ભૂત કલાકૃતિ વિશે બધાંને કહેતો. તે એક ચીડાયેલો અને અકળાયેલો ડોસો હતો જે બધાની કમજોરી ઉપર હસતો. તેના દિલમાં પોતાના મેડા ઉપર રહેતા બે યુવાન ચિત્રકારો માટે બહુ વહાલ હતું.

સૂ જ્યારે નીચે ગઈ ત્યારે બૈરમ પોતાની ઓરડીમાં સિગારેટ ફૂંકતો હતો. તેની પાસે જ એનું ડ્રાઈંગ બોર્ડ હતું જેનું કોરું કેનવાસ છેલ્લા પચ્ચીસ વર્ષથી ચિત્રની રાહ જોતું હતું. સૂ એ બૈરમને જૌન્સીની બધી વાત કહી કે કેવી રીતે પાંદડાં પડવાની સાથે જૌન્સીની જીંદગી પણ ઢળી રહી છે.

'કેવા કેવા મૂર્ખ લોકો છે આ દુનિયામાં. જેઓ એટલા માટે મરવા ઈચ્છે છે કે કોઈ સુકાએલી વેલનાં પાંદડાં ખરે છે ? મેં આવી વાત પહેલાં ક્યારેય સાંભળી નથી. ખેર, અત્યારે હું તારા માટે મોડલિંગ નહીં કરી શકું. અને હું જૌન્સીની મદદ કેવી રીતે કરી શકું?'

"અત્યારે જૌન્સી ખૂબ જ માંદી છે અને અશક્ત છે. સૂએ કહ્યું", "અને સખત તાવને કારણે મગજમાં અજબ ગજબના વિચારો આવે છે. બૈરમ તમારી જેવી મરજી ? તમે મોડલ નથી બનવા ઈચ્છતા, ન બનો. આમેય તમે એકદમ નિષ્ઠુર માણસ છો. નકામા છો."

બૈરમ પણ હવે જોરથી બોલ્યો, ''કોણે કહ્યું હું મોડલ નહીં બનું ? તમે જાવ, હમણાં અર્ધા કલાકમાં હું તમારી પાસે આવું છું. જૌન્સીની તબિયત વિશે જાણીને મારું દિલ દુઃખી થઈ રહ્યું છે. એક દિવસ હું મારી અદ્‌ભૂત કલાકૃતિને અવશ્ય દોરીશ અને પછી આપણે સૌ અહીંથી જતાં રહીશું.''

જ્યારે તે બંને ઉપર પહોંચ્યા ત્યારે જૌન્સી ઘસઘસાટ ઉંઘમાં હતી. સૂએ પડદો પાડી દીધો અને બૈરમને બીજા રૂમમાં લઈ ગઈ. ત્યાં તેઓ બંને દિગ્મૂઢ થઈ બારી બહાર પેલી વેલ સામે જોઈ રહ્યાં. પછી એક ક્ષણ બંને બોલ્યા વિના એક બીજાને જોઈ રહ્યાં. બહાર બરફ વરસતો હતો. વરસાદ લગાતાર ચાલુ હતો.

પછી બૈરમ ખાણિયા મજૂરની અદામાં મોડલ બનીને બેસી ગયો અને સૂ એનું ચિત્ર બનાવવા માંડી.

જ્યારે સવારે સૂ સૂઈને ઉઠી તો તેણે જૌન્સીને ફાટેલી આંખોથી બારીના પડદા સામે તાકતી જોઈ.

'પડદો ખસેડો ! હું બહાર જોવા ઈચ્છું છું.' તેણે ધીમા અવાજથી આદેશ આપ્યો.

અણગમા સાથે સૂએ એનું પાલન કર્યું.

વાહ ! આખી રાત ભયાનક તોફાન અને ભીષણ હવાની વચ્ચે દિવાલની ઈંટ ઉપર વેલનું એક પાન હજુ લટકતું હતું. પાંદડું વચ્ચેથી લીલું હતું પરંતુ તેની કરકરી કિનાર તેની ઉંમર સાથે પીળી પડી ગઈ હતી. તે એકદમ આંચકો ખાઈ ગઈ. પાંદડું પોતાની બધી હિંમત ભેગી કરીને જમીનથી આશરે વીસ ફૂટ ઉપર લટકતું હતું.

'આ છેવટનું પાંદડું છે,' જૌન્સીએ કહ્યું, 'મેં વિચાર્યું હતું કે તે નક્કી રાત્રે ખરી પડશે. મેં હવાનો તેજ ઝપાટો સાંભળ્યો હતો. આ પાંદડુ અવશ્ય ખરશે અને ત્યારે હું પણ ચાલી જઈશ.'

''જૌન્સી'' સૂએ પોતાનો કરમાએલો ચહેરો ઓશિકામાં સંતાડતાં કહ્યું, ''જો તું તારા વિશે ચિંતા નથી કરતી પણ કમ સે કમ મારા વિશે તો વિચાર કે તારા વિના હું શું કરીશ ?'' જૌન્સીએ કશો જવાબ આપ્યો નહિ. દુનિયામાં સૌથી એકલો આત્મા એ હોય છે જે કોઈ બીજી અજાણી દુનિયામાં જવાની તૈયારીમાં હોય. જેમ તેમ કરતાં આખો દિવસ પસાર થયો. સાંજના ઝાંખા પ્રકાશમાં તેમને હજુ પણ પેલું છેવટનું પાંદડું દેખાઈ રહ્યું હતું. રાત પડતાં જ ઉત્તરની હવાએ પોતાનું તાંડવનૃત્ય ફરી શરૂ કરી દીધું. તેજ વરસાદના ટીપાં સતત બારીના કાચ ઉપર અથડાઈને પડતાં રહ્યાં.

જેવું સવાર થયું , થોડું અજવાળું થયું કે તરત જ જૌન્સીએ બારીનો પડદો ખસેડવાનો આદેશ આપ્યો.



વેલ ઉપર લાગલુ છવટનુ પાંદડું હજુ પણ હતું.

જૌન્સી ઘણીવાર સુધી સૂતાં સૂતાં જ તે પાંદડાને જોતી રહી પછી તેણે સૂ ને બોલાવી. જે રસોડામાં સૂપ બનાવતી હતી.

'મારાથી ભારે ભૂલ થઈ ગઈ છે સૂ.' જૌન્સીએ કહ્યું, 'ના જાણે કેમ પેલું છેવટનું પાંદડું હજૂય ત્યાં જ છે. તે પાંદડું મારી ભૂલ બતાવે છે. હું મરવા માટે વિચારતી હતી, જે એક પાપ છે. હવે તું મારા માટે થોડું સૂપ લઈ આવ અને સાથે એક કપ દૂધ પણ. હા ! એના પહેલાં મને જરા અરીસો આપ. મારા બરડાની પાછળ તકિયાનો ટેકો મૂકી દે, જેથી હું તને રસોઈ કરતી જોઈ શકું!'

એક કલાક પછી જૌન્સીએ ફરીથી કહ્યું.

'સૂ એક દિવસ હું નેપલ્સની ખાડીનાં ચિત્રો દોરવા ઈચ્છું છું.'

સાંજે જ્યારે ડૉક્ટર આવ્યા ત્યારે સૂ તેમને દરવાજા સુધી મૂકવા આવી.

ડૉક્ટરે સૂ સાથે હાથ મેળવતાં કહ્યું, 'હવે સારા થઈ જવાની સંભાવના છે. જો સારી રીતે સંભાળ લેશો તો તમે જરૂર જીતી જશો. હવે હું નીચે જાઉં છું. ત્યાં એક ઘરડો માણસ છે તેનું નામ બેરમ છે. કદાચ કોઈક ચિત્રકાર છે. તેને નિમોનિયા થઈ ગયો હોય તેવું લાગે છે. દર્દીની હાલત ઘણી ખરાબ છે, બચવાની કોઈ આશા નથી. આજે એને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જઈશું.'

બીજે દિવસે ડાક્ટરે સૂ ને કહ્યું, 'તમારી મિત્ર હવે સંકટની બહાર છે. તમે બાજી જીતી ગયાં. તેને હવે સારું ખાવાનું ખવડાવો, બસ.'

તે દિવસે સાંજે જ્યારે સૂ જૌન્સી પાસે ગઈ ત્યારે તે પલંગ પર બેસીને વિશ્વાસપૂર્વક ઉનનું મફલર ગૂંથતી હતી. સૂ એ પોતાનો હાથ એના ખભા ઉપર મૂક્યો.

"મારે તને કંઈક કહેવું છે." તેણે કહ્યું, "બૈરમનું આજે હોસ્પિટલમાં નિમોનિયાથી અવસાન થયું. તે કેવળ બે જ દિવસ માંદો રહ્યો. મકાનના ચોકીદારે પહેલે દિવસે સવારે બૈરમને તેના રૂમમાં તડપતો જોયો. બૈરમનાં કપડાં અને બૂટ એકદમ ભીનાં હતાં અને બરફ જેવા ઠંડા હતા. કોઈને ખબર નથી કે એવી તોફાની રાતમાં તે ક્યાં ગયો હતો. પછી તેને એક ફાનસ મળ્યું જે ત્યારે પણ સળગતું હતું. ત્યાં એક નિસરણી પણ હતી જેને પત્તાંની જગ્યાએથી સરકાવેલી હતી. ડીઝાઈન કરવા માટેના બ્રશ પણ તેને આમતેમ પડેલાં મળ્યાં. એક પ્લેટ પણ મળી જેમાં લીલો અને પીળો રંગ પણ હતો.

જૌન્સી હવે તું જરા બારીની બહાર પેલા છેલ્લા પાંદડાને જો તો ! શું તને આશ્ચર્ય નથી થતું કે તે પાંદડું હવામાં પણ કેમ હાલતું નથી? મારી વહાલી જૌન્સી, આ છેવટનું પાંદડું બૈરમની અદ્‌ભૂત કલાકૃતિ છે. તેણે એને એવું જ દોર્યું, જેવું વેલનું છેલ્લું પાન નીચે ખર્યું હતું."